ગાંધીનગર સમાચાર

# બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે 'ઓનલાઈન સમર સ્કૂલ'નો પ્રારંભ

વલ્લભ વિદ્યાનગર, તા.૨૩
ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ના ઇન્ફોર્મેશન ટેકનોલોજી એન્જીનીયરીંગ ડિપાર્ટમેન્ટ દ્વારા કન્ટિન્યુઇન્ગ એજ્યુકેશન પ્રોગ્રામ અંતર્ગત ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ ના મેથેમેટિક્સ ગ્રુપ ના વિદ્યાર્થીઓ માટે તા,૧૮/૦૫/૨૦૨૦થી ૨૭/૦૬/૨૦૨૦ દરમ્યાન ઓનલાઈન સમર સ્કૂલનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમા કોમ્પ્યુટર વર્કશોપ,પ્રોગ્રામિંગ લેંગ્વેજ ફંડામેન્ટલ્સ, C++ લર્નિંગ પાથ, ફ્રન્ટ એન્ડ વેબ ડેવલપમેન્ટ જેવા વિષયો આવરી લેવામાં આવ્યા છે

આ પ્રસંગે સંસ્થા ના પ્રિન્સિપાલ ડૉ ઈંદ્રજિત એન. પટેલે જણાવ્યું હતું કે વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને વિદ્યાર્થીઓની ટેકનિકલ સ્કિલ્સ ડેવલપ કરવાની દિશા માં આ પ્રકારના કોર્સીસ ખુબ ઉપયોગી નીવડે છે. સમયના સદુપયોગની સાથે ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા ઈન્ફોર્મેશન ટેકનોલોજી ડિપાર્ટમેન્ટનું આ પ્રકારનું આયોજન નોલેજ શેરિંગ એન્ડ લર્નિંગને કેન્દ્રમાં રાખીને સરાહનીય છે. આઈટી એન્જીનીયરીંગ ના વડા ડૉ.કેયુર બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે ઉપરોક્ત




ઓનલાઈન સમર સ્કૂલ નો મૂળભૂત ઉદ્દેશ્ય ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહ ના મેથેમેટિક્સ ગ્રુપ ના વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર ટેક્નોલોજી નું બેઝિક થી એડવાન્સ લેવલ, કોમ્પ્યુટર હાર્ડવેર અને સોફ્ટવેર, ફંડામેન્ટલ ઓફ વેબસાઈટ ડિઝાઈન, અલગ અલગ પ્રોગ્રામિંગ લેંગ્વેજ દ્વારા લોજીક ડિઝાઈન થી રીઅલ ટાઈમ એપ્લિકેશન પ્રોગ્રામિંગ સુધી ટ્રેનિંગ વિષે માહિતગાર કરવાનો છે.ઉપરાંત ઉપરોક્ત કોર્સીસ નું વિદ્યાર્થીઓના ડેવલપમેન્ટ માટે સંસ્થા દ્વારા વિનામૂલ્યે આયોજન કરવામાં આવ્યું છે તથા વિદ્યાર્થીઓને તેમની આગામી કારકિર્દી માં આ કોર્સીસ ઉપયોગી થઈ શકે તે હેતુ થી પ્રમાણપત્રો પણ આપવામાં આવશે.

ઉપરોક્ત ઓનલાઈન સમર સ્કૂલમાં કમ્પ્યુટર વર્કશોપ અંતર્ગત ડૉ.વત્સલ શાહ વિન્ડોઝ તથા લીનક્સ પ્લેટફોર્મ,વર્ચ્યુઅલ મશીન,ગુગલ ટુલ્સ ,કમ્પ્યુટર પ્રોગ્રામિંગ વિષે,પ્રોગ્રામિંગ લેંગ્વેજ ફંડામેન્ટલ્સ અંતર્ગત ડૉ.ઝંખના શાહ C પ્રોગ્રામિંગ ના ફંડામેટલ્સ,ડેટા ટાઈપ,ઓપરેટર્સ, ડિસિઝન મેકિંગ એન્ડ લૂપિંગ,એરેઝ વિષે,C++ લર્નિંગ પાથ અંતર્ગત ડૉ.નિલેશ પ્રજાપતિ C++ ક્લાસ,ઓબ્જેક્ટસ ,કંટ્રોલ સ્ટ્રક્ચર, પોલીમોર્ફિઝમ, ઈન્હેરિટન્સ, વર્ચ્યુઅલ ફંક્શન, એક્સેપશનલ હેન્ડલિંગ વિષે, ફ્રન્ટ એન્ડ વેબ ડેવલપમેન્ટ અંતર્ગત પ્રો.પ્રિયંક ભોજક વેબસાઈટ ડિઝાઈન બેઝિક્સ, HTML5, સ્ટાઈલ શીટ, ગુગલ સાઈટ વિષે રસપ્રદ માહિતી પુરી પાડશે

ઓનલાઈન સમર સ્કૂલ માં માં ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ ગૂગલ મીટ પ્લેટફોર્મ દ્વારા જોડાયા હતા.

# 'બાય બાય કોરોના' કાવ્ય મહેફિલમાં કવિઓ ઓનલાઈન કાવ્ય પઠન દ્વારા ખીલી ઊઠ્યા!



ગાંધીનગર, તા.૨૩
રોટરી કલબ ઓફ ગાંધીનગર, રોટરી ક્લબ ઓફ અમદાવાદ નોર્થ અને ગાંધીનગર સાહિત્યસભા સંયુક્ત ઉપક્રમે 'બાય બાય કોરોના...' કાવ્ય મહેફિલ ઓનલાઈન રવિવારે સાંજે યોજાઈ હત. આ કાવ્ય મહેફિલમાં કવિ કિશોર જીકાદરા, કવિ પ્રતાપસિંહ ડાભી 'હાકલ', કવિ સંજય થોરાત 'સ્વજન' અને કવયિત્રી સુશ્રી અનિલાબેન શાહ દ્વારા કોરોનાની દવા કવિતાથી કરવામાં આવી હતી. વૈવિધ્યસભર કવિતાથી આ મહેફિલ રંગીન બની હતી.

વેબિનાર દ્વારા યોજાયેલી આ કાવ્ય મહેફિલનું સંચાલન આકાશવાણી ઉદ્ઘોષિકા નેહલ ગઢવી દ્વારા કરવામાં આવ્યું હતું. રોટરી કલબ ઓફ અમદાવાદ નોર્થના પ્રમુખ ડો. દર્શન શાહ દ્વારા સૌ કવિઓનું શબ્દોથી સ્વાગત કરવામાં આવ્યું હતું જ્યારે રોટરી કલબ ઓફ ગાંધીનગરના પ્રમુખ ડો. ધર્મેન્દ્ર પટેલ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી. ગાંધીનગર સાહિત્યસભાના સભ્યો સહિત વિવિધ રોટરી ક્લબના સભ્યોએ આ ઓનલાઈન કાવ્ય મહેફિલ માણીને કવિઓને દાદ આપીને હતી. રોટેરિયન અમર પટેલ દ્વારા ટેકનિકલ સપોર્ટ આપ્યો હતો.

**ડાયરેક્ટ ❤ સે**

હારવાના ભય કરતા જીતવાની મહત્ત્વાકાંક્ષા વધારે હશે ને તો સફળતા તમારા હાથમાં હશે.

## જન્મદિને વધામણી



ચંદ્રકાન્તભાઈ કિશોર
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



પ્રવિણસિંહ મોરી
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



અમન પટેલ



જોય ચૌધરી



જ્યોતિન્દ્ર રાઓલ



શાહ મીલીબેન મેહુલકુમાર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

# રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા રોગપ્રતિકારક શક્તિ વધારવા અંગેનો વેબિનાર યોજાયો




ગાંધીનગર, તા.૨૩
રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા "The Key to Building Immunity and more" વિષય સાથે વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભારત સ્થિત આંતરરાષ્ટ્રીય ન્યૂટ્રોજનોમિક્સ અને રોગ રિવર્સલ નિષ્ણાત ડો. કરણ કક્કડ સાહેબે અત્યારની જીવન શૈલી, વિવિધ આહાર અને ખાવાની ટેવો વિશે વિસ્તૃત જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

વેબિનારની શરૂઆતમાં રોટરી ક્લબ ઓફ ગાંધીનગર વતી પ્રમુખશ્રી, ડો. ધર્મેન્દ્ર પટેલ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ સાકલ્યવાદી પોષણ નિષ્ણાત ડો. કરણ કક્કડ સાહેબે વિવિધ વિષયો જેમ કે લાંબા ગાળા માટે કેવી રીતે રોગપ્રતિકારક શક્તિ વધારી શકાય?, સારા સ્વાસ્થ્ય માટેના ચાર આધાર સ્તંભ જેમે કે ખોરાક અને પોષણ, શારીરિક કસરત, સારી ગુણવત્તા સભર ઉંગ અને ભાવનાત્મક આર્યોગ્ય ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહ આપી હતી સાથે રોગપ્રતિકારક શક્તિ વધારતા ખોરાક કયા ક્યાં છે? જમવાની જુદી જુદી રીતો વિશે, જડપથી રોગપ્રતિકારક શક્તિ કેવી રીતે વધારી શકાય? કઈ વસ્તુ રોગપ્રતિકારક શક્તિ ગટાડે છે અને kovid-19 ના સમય માં ઘરમાં જીવન શૈલી કેવી હોવી જોઈએ, આમ સમગ્ર સુખાકારી સ્વાસ્થ્ય માટેની તમામ માહિતી પી.પી.ટી. પ્રેસનટેશન દ્વારા સમજાવી હતી અને અંતે વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબ પણ આપ્યા હતા.

સમગ્ર સેશનના આયોજન અને સંચાલન રોટરી વતી ડો. ધર્મેન્દ્ર પટેલ, કવિતા બક્ષી અને કલ્યાણી હાથી દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં ૮૫ થી વધારે રોટેરિયન સભ્યો, પરિવારજનોએ અને આમંત્રિત મહેમાનો જોડાઈને ઓનલાઈન સેશનનો લાભ લીધો હતો.

**વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, સાદરા દ્વારા**

# કોરોનાના સંદર્ભે રાખવામાં આવતી કાળજી અંગે વિદ્યાર્થીઓ સાથે પરિસંવાદ




ચિલોડા, તા. ૨૨
૨૨મી મે, ૨૦૨૦ના રોજ સેવક મિત્રો માટે ઉપાસના દરમિયાન કોરોનાની પરિવારને કેવી રીતે બચાવવા અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં સેવકોને રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે લેવાના થતા પગલાનું સૂચન કર્યું હતું. જે સંદર્ભે યોગ તેમજ પ્રાણાયામ કરવાનું માટેનું પ્રાયોગિક કર્યું.

ત્યારબાદ સવારે ૧૦ થી ૧૧ કલાકે વિદ્યાલયમાં ભણતા વિદ્યાર્થીઓ જેઓ પોતાના ઘરે છે. તેમની સાથે કોરોનાથી પરિવારને કેવી રીતે બચાવવા અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે લેવાના થતા પગલાનું સૂચન કર્યું હતું. વિદ્યાર્થીઓ સાથે ઝૂમ એપ્લીકેશન દ્વારા ૪૫ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

# "આત્મનિર્ભર ભારતના નિર્માણમાં ઉદ્યોગ સાહસિકતાની તક" વિષે એક પ્રિ-માસ્ટર બ્રિજ કોર્ષનું આયોજન

ગણપત વિદ્યાનગર, તા. ૨૩
'આત્મનિર્ભર ભારત' ના નિર્માણ માટે યુવાનોમાં રહેલી ઉદ્યોગ સાહસિકતાને યોગ્ય દિશા પૂરી પાડવાના હેતુ સાથે Tie - Ahmedabad - ટાઈ, અમદાવાદના સહયોગથી ગણપત યુનિવર્સિટી દ્વારા એક 'પ્રિ-માસ્ટર્સ બ્રિજ કોર્ષ' નું આયોજન કરવામાં આવ્યું હતું.

સર્ટિફિકેટ કક્ષાના આ કોર્ષમાં ગ્રેજ્યુએટ થયેલા યુવાનો પોતાનું નામ નોધાવી શકે ઓછે. આ કોર્ષ દ્વારા યુવાનોમાં ઉદ્યોગ સાહસિકતાના સ્વપ્નને સાકાર કરવાની પદ્ધતિસરની તાલીમ આપવામાં આવશે. જેનાથી તેઓ પોતાનું સ્ટાર્ટ-અપ શરુ કરી શકે તે પોતાના ફેમિલી બિઝનેશને આગળ વધારી શકે છે.

આ ટ્રેઈનિંગ કોર્સ માટે ગણપત યુનિવર્સિટી સાથે Tie (ધી ઈન્ડસ એન્ત્રપ્રિન્યોર્સ), અમદાવાદે સહયોગ સાધ્યો છે. આ વિશ્વની ટોચની ઉદ્યોગ સાહસિકતા માટેની કંપનીઓમાંની એક છે. ૨૮ મે, ૨૦૨૦થી શરૂ થનારા આ સાપ્તાહિક કોર્સમાં ભાગ લેનારા તમામને આ બંને સંસ્થા દ્વારા સંયુક્ત પ્રમાણપત્ર આપવામાં આવશે.

કોવિડ-૧૯ની મહામારીના કપરા સમયમાં સમગ્ર વિશ્વ આર્થિક સંકડામણમાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે, આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પોતાના રાષ્ટ્રજોગ સંબોધન દ્વારા 'આત્મનિર્ભર ભારત' ના નિર્માણ ઉપર ભાર મુક્તા 'વોકલ ફોર લોકલ'નો નવો મંત્ર પણ આપ્યો છે. દેશના સ્વાવલંબી ઉદ્યોગો, ઉત્પાદન એકમો, અને સ્વદેશી ઉત્પાદનોનો બહોળો વપરાશ દેશની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવામાં ખૂબ જ અગત્યનો ભાગ ભજવી શકે છે.

ગણપત યુનિવર્સિટીના આ 'પ્રિ - માસ્ટર્સ બ્રિજ કોર્સ'માં નવા ઉદ્યોગોની તકો, 'ન્યૂ નોર્મલ' ના નવા આયોજનો, ડિજિટલ ટેકનોલોજીના માધ્યમ દ્વારા નવા એકમોનું માર્કેટિંગ, નવી ટેકનોલોજીનો ઔદ્યોગિક વિકાસમાં મહત્તમ ઉપયોગ જેવા અનેક ક્રિટિકલ વિષયોનું નિષ્ણાંતો દ્વારા સઘન માર્ગદર્શન આપવામાં આવશે. તદ્ઉપરાંત આ કોર્ષ દરમિયાન વિવિધ વિષયોને લગતા વેબીનારનું પણ આયોજન કરવામાં આવશે. જેમાં વિખ્યાત પ્રોફેસર્સ, બિઝનેશ લીડર્સ તથા નામાંકિત તજજ્ઞો પણ વર્ચ્યુઅલ માધ્યમથી (ઓનલાઈન) જોડાશે અને મેનેજમેન્ટના સિદ્ધાંતો, ટેકનોલોજીકલ ડેવલપમેન્ટ જેવા વિષયો ઉપર સંબોધન કરશે.

પ્રિ-માસ્ટર્સ બ્રિજ કોર્સનું આયોજન નિઃશુલ્ક વિના મૂલ્યે કરવામાં આવ્યું છે. અને તેમાં કોઈ પણ વિદ્યાશાખાના સ્નાતક વિદ્યાર્થીઓ, કે જે પોતાનો વ્યવસાય શરુ કરવા ઈચ્છતા હોય તે જોડાઈ શકે છે. વધુ વિગત માટે ગણપત યુનિ.ની વેબસાઈટ વિઝટ કરવા વિનંતી છે.

આ કોર્ષ સમાન વિચારધારા ધરાવતા લોકોને એક જ માધ્યમ દ્વારા જોડીને તેમને 'વાઈબ્રન્ટ' અર્થતંત્રના નિર્માણમાં ઉદ્યોગ સાહસિકતા દ્વારા એક નવું સોપાન સર કરે એ માટે પ્રેરવામનું લક્ષ્ય છે.



ફળોનો રાજા કેરી લોકડાઉન હળવું થતા જ રાહ જોઈને બેઠેલા નગરજનો કેરી ખરીદતા નજરે પડે છે... રૂપિયા ૧૦૦માં બદામ કેરી મળે છે. આ સિઝનમાં કોરોના અને કમોસમી વરસાદે મજા બગાડી છે... પણ કેરી ખાધા વગર ચાલે ખરું...!!

# સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી ખાતે ચાર દિવસીય ફિજિકલ લિટરેસી વિષય પર વેબિનાર

ગાંધીનગર, તા.૨૩
સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા માન. કુલપતિશ્રી, ડૉ. અર્જુનસિંહ રાણાની દીર્ઘદ્રષ્ટિથી શારીરિક શિક્ષણ વિષયના ગુજરાતના તજજ્ઞશ્રીઓને તેમના ક્ષેત્રમાં ઉત્તરોત્તર સંવર્ધન મળી રહે તે આશયથી ફીઝીકલ લીટરેસી અને હાઈ પરફોર્મન્સ સ્પોર્ટ્સ વિષય ઉપર ૦૪ (ચાર) દિવસીય પરિસંવાદ શ્રેણીનું આયોજન કરવામાં આવેલ. આ પરિસંવાદમાં પદ્મભૂષણશ્રી, શ્રી પુલેલા ગોપીચંદ તથા પદ્મભૂષણશ્રી, શ્રી અભિનવ બિન્દ્રા, પ્રેરીત ઈન્સ્જી (Excellence in Learning and Management of Sprots) સ્પોર્ટ્સ ફાઉન્ડેશનના તજજ્ઞોશ્રીઓએ ICT ના માધ્યમથી વિવિધ વિષયો પર સંવાદ કરેલ. આ પરિસંવાદ શ્રેણીનું ઉદઘાટન સમારોહ તા. ૧૩/૦૫/૨૦૨૦ ના રોજ માન. કુલપતિશ્રી, ડૉ. અર્જુનસિંહ રાણાના અધ્યક્ષતા હેઠળ રાખવામાં આવેલ. આ સમારોહમાં અતિથિવિશેષ તરીકે શ્રી પુલેલા ગોપીચંદ એ હાજરી આપેલ અને આ વેબિનારને સંબોધતા શ્રી પુલેલા ગોપીચંદએ પણ તેમના અનુભવ અને વિષય અનુરૂપ ફિજિકલ લિટરેસી વિષે પોતાના વિચારો રજુ કરીને દરેક નાગરિકને આત્મપ્રેરણ તથા આત્મવિશ્વાસપૂર્વક પોતાની શારીરિક ક્ષમતાસમજ અનુસાર નૈતિક મૂલ્યોનું જવાબદારીપૂર્વક સંયોજન પોતાના નિયમિત જીવનમાં કરવું જોઈએ જેવા મહત્વના સૂચનો આપ્યા હતા. માન.કુલપતિશ્રી દ્વારા ICT તથા સોશીયલ મીડિયાના માધ્યમથી જોડાયેલા સહભાગીઓને આ લોકડાઉન સમયમાં પોતાના વિષયના જ્ઞાનમાં વધારો થાય અને તેનો લાભ વિદ્યાર્થીઓને તથા ખેલાડીઓને મળી રહે તે આશયથી ૦૪ (ચાર) દિવસીય પરિસંવાદ શ્રેણીનું આયોજન કરવામાં આવેલ. વધુમાં માન.કુલપતિશ્રીના માર્ગદર્શન આપતાં તેમના સંબોધનમાં તેમણે કોરોના સામેની લડાઈમાં ધૈર્ય અને આત્મસંયમથી આગળ વધવાનું છે અને આપણા કર્તવ્યને નિભાવી ભારતને આત્મનિર્ભર બનાવવા આગળ વધવાનું છે. આ સાથે જ માન. કુલપતિશ્રી અને પુલેલા ગોપીચંદ સાથેના જૂના સંસ્મરણો તાજા કરી પૂર્ણ ઈન્સ્જી (Excellence in Learning and Management of Sprots) સ્પોર્ટ્સ ફાઉન્ડેશન ટીમનો આભાર માન્યો હતો.

આ વેબિનારમાં વિવિધ તજજ્ઞો દ્વારા સર્વસમાવેશી રમતગમત નીતિ, માનવીય મૂલ્યોનું શારીરિક શિક્ષામાં સંકલન તેમજ રમતોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન વિષે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત ડો. અમિત મલિક અને શ્રી ઈમરાન નાદાપ દ્વારા ભાવનાત્મક બુદ્ધિ અને રમતમાં તેના મહત્વ પર વિસ્તૃત ચર્ચા કરી હતી. આ સેમિનારમાં ગુજરાત રાજ્યના શારીરિક શિક્ષણના પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ, ખેલાડીઓ, રાહબરો તથા રમતગમત અને શારીરિક શિક્ષણમાં રસ ધરાવતા નાગરિકોએ પણ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો તેમજ ૦૪ (ચાર) દિવસીય પરિસંવાદ શ્રેણીનું કુલ ૦૫ વેબિનારના સેશનમાં ૨૫૭ પ્રોફેશનલ દ્વારા રજીસ્ટ્રેશન કરાવી લાભ લેવામાં આવેલ હતો. તદુપરાંત આ વેબિનારમાં યોજાયેલ નિષ્ણાંત દ્વારા લેવાયેલ લેકચર શારીરિક શિક્ષણના તજજ્ઞોને હરહંમેશ માટે મળી રહે તે હેતુથી યુનિવર્સિટીની યુટ્યુબ ચેનલ પર મુકવામાં આવેલ છે. માન. કુલપતિ દ્વારા વધુમાં વધુ ઉપયોગ માટે હિમાયત કરવામાં આવેલ છે. આ સેમિનારના અંતિમ દિવસે માન.કુલપતિશ્રી દ્વારા આ ઓનલાઈન વેબિનારમાં જોડાયેલા પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ અને નાગરિકોનો આભાર માન્યો હતો. માન.કુલપતિએ ઈ.એલ.એમ.એસ અને તેમની આખી ટીમ ને આ સુંદર આયોજન બદલ વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો .હાલ દેશમાં ચાલતી મહામારીના અનુસંધાને માન.કુલપતિશ્રી દ્વારા દરેકને 'STAY FIT AND STAY HEALTHY' રહેવાનું જણાવ્યું હતું. તેમણે દરેક લોકોને ફિઝીકલી ફિટ રહેવાનો પણ સંદેશ આપ્યો હતો.માન.કુલપતિશ્રી દ્વારા દરેકને પોતાની આવડત અનુસાર આતમનિર્ભર બનીને દેશને આત્મનિર્ભર બનાવવાના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી ના સંકલ્પને સાકાર કરવા અંગેનો સંદેશ આપીને આ ચાર દિવસીય વેબિનારની પુર્ણાહુતી કરેલ હતી.